સીડીએમ/૨૦૦૮/આઇબી/૮૭૯/(૪૨૯) ક-૨ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

સચિવાલય., ગાંધીનગર.

તા.૨૫/03/૨૦૧૧.

**પરિપત્ર**

વિષય : સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત નાના ચેકડેમો માટેની સમય મર્યાદામાં ચોમાસાનાં ૪ માસ ન ગણવા બાબત.

સંદર્ભ : સરકારના ઠરાવ ક્રમાંક : સીડીએમ-૨૦૦૮-આઈબી-૮૭૯-૪૨૯-ક-૨. તા.૦૧/૧૦/૨૦૦૯.

**પુર્વભુમિકા:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (ચોથા તબક્કા) હેઠળનાં નાના ચેકડેમોની વહીવટી મંજૂરી સરકારશ્રી તરફથી સામાન્ય પણે માર્ચ અથવા તો એપ્રીલ માસનાં પ્રથમ અઠવાડિયામાં આપવામાં આવે છે, તે બાદ ઉક્ત ચેકડેમોની તાંત્રિક મંજૂરી તેમજ વર્ક ઓર્ડર સક્ષમ કક્ષાએથી આપવામાં આવે છે, જેથી મહદઅંશે ચેકડેમો ચોમાસા પહેલા પૂર્ણ થઇ શકે. તેમ છતાં સરકારશ્રીમાં રજુઆત થયેલ કે " ચેકડેમોનાં બાંધકામની કામગીરી માહે એપ્રિલ માસનાં છેવટનાં દિવસોમાં શરૂ થાય છે. અને જુન માસમાં ચોમાસુ સક્રિય થઇ જતાં બાંધકામની કામગીરી અધુરી રહે છે. અને ચોમાસાનાં ચાર માસ બાદ બાંધકામની અધુરી કામગીરી ફરી શરૂ કરવામાં આવે છે. જેથી નાના ચેકડેમો પુરા કરવા માટે ૬ માસની સમય મર્યાદા નક્કી કરાયેલ છે તેમાં ચોમાસાનાં ૪ માસ બાદ કરવા વધારે યોગ્ય જણાય છે." રજુઆત બાબતે નીચે સુચવ્યા મુજબ ઠરાવવામાં આવે છે.

**ઠરાવ:**

સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના (ચોથા તબક્કા) હેઠળનાં નાનાં ચેકડેમો પુરા કરવા માટે ૬ માસની સમય મર્યાદા નક્કી કરાયેલ છે. તે સમય મર્યાદામાં ચોમાસાનાં ૪ માસ ગણવાનાં રહેશે નહીં.

( આર.વી.માલવિયા )

ઉપ સચિવ (જ.સં.)

નકલ સાદર રવાના પ્રતિ,

માનનીય અધ્યક્ષશ્રી, સ.પ.સ.જ.સં. યોજના કાર્યાન્વયન સમિતિ,

( ગુજ. ક્ષેત્ર / સૌ. અને કચ્છ ક્ષેત્ર ). સચિવાલય, ગાંધીનગર.

મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી (સર્વે), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

અધીક્ષક ઇજનેરશ્રી (સર્વે), નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.